ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી,ગાંધીનગર

**ગુજરેરા ઓનલાઈન ફરીયાદ નં. CMP/VADODARA/181024/000173**

ફરીયાદી:- શ્રી રવિશ જીતેન્દ્રભાઈ પટેલ,
303, રાજેશ્વર પ્લેનેટ,
ટાવર નંબર ૪, વાલમ હોલની પાસે,
હરણી, વડોદરા-૩૯૦૦૨૨,.
Email – ravishft@yahoo.com

વિરૂધ્ધ

સામાવાળા:- શ્રી શૈલેષ દુર્ધાપ્રસાદ યાદવ,
શ્રી રાજ એસોસિએટે (ની ઓફિસ),
રાજેશ્વર ગેલેક્સી, રાજેશ્વર ગોલ્ડ ની પાછળ,
વાલમ હોલની પાસે,
હરણી, વડોદરા-૩૯૦૦૨૨,
Email :-

ફરીયાદી તરફે:- જાતે.
સામાવાળા તરફે:- જાતે.

બાબત:- રીયલ એસ્ટેટ (વિનિયમ અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ ની કલમ ૧૮ હેઠળ ફરીયાદ.

(કોરમ:- માન. એડજ્યુડીકેટીંગ ઓફિસર શ્રી આર.ટી.પંડ્યા)

-:હુકમ:-

૦૭/૧૨/૧૮

(૧) ફરીયાદીએ સામાવાળા ના "રાજેશ્વર ગેલેક્સી" પ્રોજેક્ટમાં આવેલ ફ્લેટ નં. એ-૫/303 બુક કરાવેલ તેનું પઝેશન સમયમર્યાદામાં મળેલ ન હોવાના કારણે, ફ્લેટનું પઝેશન તથા વળતર

મેળવવા રીયલ એસ્ટેટ (વિનિયમ અને વિકાસ) અધિનિયમ ૨૦૧૬, ની કલમ – ૧૮ હેઠળ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) ફરીયાદી તથા સામાવાળાને આજ રોજ સુનાવણી દરમ્યાન હાજર રહેવાની જાણ કરવામાં આવેલી તેમ છતાં બંન્ને પક્ષકારો માંથી કોઈ હાજર રહેલા નથી. ફરીયાદીએ તા. ૨૬/૧૧/૨૦૧૮ ના પત્ર (આંક -3) થી સામાવાળા સાથે સમાધાન થયેલ હોવાનું જણાવી વધુમાં જણાવેલ છે કે સામાવાળા ને આપવાની થતી ફ્લેટ ખરીદ પેટેની બાકીની રકમ તેઓ ચુકવી આપેથી ત્રણ માસના સમયગાળામાં સામાવાળા ફ્લેટનો કબજો આપશે.

(૩) ફરીયાદીએ ઉપરોક્ત અરજીમાં સામાવાળાને ચુકવવા પાત્ર થતા બાકીના નાણાં ચુકવાની જવાબદારી સ્વીકારી, ગેરહાજર રહી, ફરીયાદ આગળ ચલાવવા રસ દાખવેલ ન હોય અને ફરીયાદ પેન્ડીંગ રાખવા વિનંતી કરેલ છે જે ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી. તે સંજોગોમાં ફરીયાદીની ગેરહાજરી તથા આંક -3 માં જણાવેલ સમાધાનનું કારણ ધ્યાને લઈ, ફરીયાદ દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેથી ફરીયાદ ફરીથી દાખલ કરવાની પરવાનગી સાથે ફરીયાદનો નિકાલ (Dispose of) કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૫) હુકમની નકલ વિના મુલ્યે પક્ષકારોને પુરી પાડવી.

હુકમ આજ તારીખ : ૦૭/૧૨/૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

7/12/18

તારીખ : ૦૭/૧૨/૨૦૧૮

સ્થળ : ગાંધીનગર

(આર.ટી.પંડયા)

એડજ્યુડીકેટીંગ ઓફિસર

ગુજરેરા, ગાંધીનગ